# નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત

## વિવિધ જગ્યાઓ માટે જાહેર થયેલ પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ માટે ધ્યાનમાં લેવાની ખાસ સૂચનાઓ- ૨૦૧૭

1. વિવિધ જગ્યાઓ માટે જાહેર કરેલ મેરીટ લીસ્ટ ફક્ત પ્રોવિઝનલ છે. જે, ઉમેદવારો દ્વારા ઓનલાઈન ભરવામાં આવેલ માહિતી અને રજિસ્ટર્ડ એડીથી કેસીજી ખાતે મોકલવામાં આવેલ દસ્તાવેજોમાં આપેલ માહિતીને આધારે જાહેર કરવામાં આવે છે.
2. જો કોઈ ઉમેદવારને આ મેરીટમાં દર્શાવેલ માહિતી અથવા ગણતરી અંગે કોઈ રજૂઆત હોય તો તા. ૩૧/૦૭/૨૦૧૭ને ૧૪.૦૦ કલાક સુધીમાં recruitment.kcg1718@gmail.com પર આધાર પૂરાવા સાથે ઈમેઈલ કરવાનો રહેશે. તેનો ફાઈનલ મેરીટ જાહેર કરતાં પહેલાં યોગ્ય નિર્ણય લઈ જે તે ઉમેદવારને જણાવવામાં આવશે.
3. ફાઈનલ મેરીટ લીસ્ટ તા. ૦૨/૦૮/૨૦૧૭ મંગળવારે જાહેર કરવામાં આવશે. ફાઈનલ મેરીટ લીસ્ટ જાહેર થયા બાદ મેરીટ લીસ્ટમાં કોઈ પણ ફેરફાર કરવામાં આવશે નહીં.
4. ફાયનલ મેરીટ લીસ્ટમાંથી જાહેર કરેલ યોજનાની શરતો અનુસાર જે તે જગ્યાના કુલ છ ગણા એટલે કે હેડ ઓફ ઇનિશિયેટિવ માટે ૭૮, પ્રોગ્રામ ઓફિસર માટે ૨૭૦, પ્રોજેક્ટ એક્ઝીક્યુટીવ માટે ૩૦૦, આઈટી મેનેજર માટે ૦૬ અને લીગલ ઓફિસર માટે ૧૮ ઉમેદવારોને જ લેખિત પરીક્ષા માટે બોલાવવામાં આવશે.
5. જે ઉમેદવારોના લેખિત પરીક્ષામાં ૬૦% માર્ક પ્રાપ્ત કરશે તેઓને જ સમૂહ ચર્ચા અને ઇન્ટરવ્યુ માટે બોલાવવામાં આવશે.
6. એપોઈન્ટમેન્ટ માટે લાયક ઠરતા ઉમેદવારોનું ફાયનલ મેરીટ લીસ્ટ ઉમેદવારના સમૂહ ચર્ચા અને ઇન્ટરવ્યુના માર્ક ઉમેર્યા બાદ ઓવરઓલ મેરીટ લીસ્ટ જાહેર કરવામાં આવશે, તે મેરીટ મુજબ જગ્યાઓ ભરાશે.
7. લેખિત પરીક્ષામાં દરેક ઉમેદવારે તેઓનો પરીક્ષાનો સીટ નંબર કે જે ફાયનલ મેરીટ લીસ્ટ સાથે જાહેર કરવામાં આવશે તે અચૂક લખવાનો રહેશે.
8. જે ઉમેદવારોએ તેઓના એપ્લીકેશન ફોર્મ સાથે જરૂરી દસ્તાવેજો જેવા કે લીવીંગ સર્ટીફીકેટ, સ્નાતક અને અનુસ્નાતકની માર્કશીટ અને ડીગ્રી સર્ટિફિકેટ, અનુભવના પ્રમાણપત્ર જોડેલ નથી તેઓએ તા. ૩૧/૦૭/૨૦૧૭ સાંજે ૫.૦૦ વાગ્યા સુધીમાં કેસીજી ખાતે મોકલી આપવાના રહેશે. જે ઉમેદવાર દસ્તાવેજો ઉક્ત સમયમર્યાદામાં કેસીજી ખાતે પહોંચાડવામાં નિષ્ફળ જશે તેઓની અરજી રદ થવા પાત્ર છે, અને ફાયનલ મેરીટમાંથી નામ રદ થશે.

9. દરેક પોસ્ટ માટે ન્યુનતમ શૈક્ષણિક લાયકાત એનેક્ષર-૧માં દર્શાવ્યા પ્રમાણે જે જગ્યા માટે સંબંધકર્તા (Related) ના હોય તે જગ્યા માટે જે તે ઉમેદવાર લાયક (Qualify) થતાં નથી તેમની અરજી તે પોસ્ટ માટે રદ ગણાશે.

પરંતુ આવા ઉમેદવાર બીજી જગ્યા માટે લાયક બનતા હોય તો તે મેરીટ માટે તે લાયક ગણાશે અને મેરીટમાં આવશે.

10. આ સાથે મુકાયેલ ટેબલ-૧ થી ૬ ની યાદીઓ ક્રમનંબર-૯ ના અનુસંધાનમાં મુકાઈ છે. અને યાદીમાં દર્શાવેલ નામ જે તે દર્શાવેલ કારણ મુજબ માન્ય થતાં નથી.

11. અત્યારે મુકાયેલ યાદી સમગ્ર (ઓવરઓલ મેરીટ) ના આધારે મૂકી છે, પરંતુ ન્યૂનતમ શૈક્ષણિક ધોરણો જે તે જગ્યાઓ માટે અલગ અલગ છે. તેથી આ જનરલ મેરીટ લીસ્ટમાંથી દર્શાવેલ જગ્યાઓ સામે દર્શાવેલ ક્વોલીફીકેશન મુજબ અલગ મેરીટ તૈયાર થશે અને આ ક્વોલીફીકેશન પ્રમાણેની મેરીટ યાદી ગણાશે.

તેથી પ્રોવિઝનલ મેરીટમાં (ઓવરઓલ) નામ હોવાથી જગ્યા માટે માન્ય ઉમેદવાર ગણાશે નહીં. પરંતુ ફાઈનલ યાદીમાં (દા.ત. ૧૩, ૪૫, ૫૦, ૧, ૩) જે તે પોસ્ટની શૈક્ષણિક લાયકાત મુજબનું અલગ મેરીટ બનાવી પોસ્ટના છ ગણા ઉમેદવારને જ લેખિત પરીક્ષામાં આવવાનું રહેશે.

આ બાબતે કોઈ સ્પષ્ટતા જોઈતી હોય તો ફોન નં. ૯૯૭૮૪૪૦૪૯૭ અથવા ૭૫૭૪૮૨૭૪૭૬ પર સંપર્ક કરી માહિતી મેળવી લેવી.

તા. ૨૯/૦૭/૨૦૧૭

એડવાઈઝર, કેસીજી 29/7